# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/૨૨/૨૦૧૮
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮.
તારીખ :- ૨૯-૭ - ૨૦૧૮

પ્રતિ,
શ્રી પટેલ રાકેશભાઈ મંગળભાઈ તથા અન્ય
મુ.પો. બીલ,
તા. જી. વડોદરા.

વિષય : મોજે **બીલ,** તા. જી. વડોદરાના **રે.સ.નં.૫૩૨, બ્લોક નં.૪૧૯, એફ.પી.નં. ૩ , ટી.પી. સ્કીમ નં. ૧, વાળી જમીનમાં કુલ-૩ લોરાઈઝ ટાવર A-B, C-D, E-F માં ૧૦ દુકાનો તથા ૧૬૧ રહેણાંકના ફ્લેટસના બાંધકામ** માટે રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૧૦/૦૪/૨૦૧૮ ની અરજી.

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગીના અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. વિદિત થાય.

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી અનુસાર.

TRUE COPY
For PARIKH & ASSOCIATES
VUDA LIC. NO. EOR-113/18-23

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા

નકલ રવાના પ્રતિ :

- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## રીવાઈઝડ વિકાસ પરવાનગી

**શ્રી પટેલ રાકેશભાઈ મંગળભાઈ તથા અન્ય** ગામ બીલ , તા.જી.વડોદરામાં રે.સ.નં. ૫૩૨, બ્લોક નં. ૪૧૯,**એફ.પી.નં. ૦૩ , ટી.પી. સ્કીમ નં. ૧ વાળી જમીનનુ ક્ષેત્રફળ ૪૦૯૨.૦૦ ચો.મી.** માં બાંધકામ ક્ષેત્રફળ બેઝમેન્ટ પાર્કીગ, **ગ્રાઉન્ડ ફ્લોર ૨૪૦.૨૭ ચો.મી., પ્રથમ માળ ૧૩૨૭.૯૮ ચો.મી., બીજો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., ત્રીજો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., ચોથો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., પાંચમો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., છઠ્ઠો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., સાતમો માળ ૧૩૨૭.૯૮ ચો.મી., મળી કુલ ૯૫૩૬.૧૩ ચો.મી. માં કુલ-૩ લોરાઈઝ ટાવર A-B, C-D, E-F, માં ૧૦ દુકાનો તથા ૧૬૧ રહેણાંકના ફ્લેટસના બાંધકામ માટે** નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ – ૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨) હેઠળ રીવાઈઝડ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

### ખાસ શરતો :-

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઈલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી), સ્ટ્રકચરલ ડીટેઈલ ડ્રોઈંગ તથા સ્ટ્રકચરલ એક્ષપર્ટ રીપોર્ટ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિધુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક :વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઈ મુજબ કુલ-૬૨ વૃક્ષોનુ વાવેતર / જાળવણી કરવાની રહેશે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ પરિપત્ર નં : પરચ/૧૦૨૦૦૪૧/૧૯૬૧/લ, તા૨૭/૭/૨૦૧૦ ની જોગવાઈ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) ગુજરાત રીયલ એસ્ટેટ-૨૦૧૬ ની જોગવાઈઓનો અમલ કરવાનો રહેશે તથા તદ અન્વયે પ્રમાણપત્ર મેળવીને અત્રે પ્લીન્થ ચેક પ્રમાણપત્ર મેળવતાં અગાઉ તેની પ્રમાણિત કરેલ નકલ અત્રે રજુ કરવાની રહેશે.

(૬) ચીફ ઓફીસરશ્રી (ફાયર), ફાયર બ્રિગેડ, વડોદરા મહાનગર સેવાસદન, વડોદરાનુ "ના વાંધા પ્રમાણપત્ર" નં. અ.તા.સે. જા.નં.૩૮૨/૨૦૧૮-૧૯, તા.૧૪/૦૫/૨૦૧૮ ની શરતોનુ પાલન કરવાનુ રહેશે. (નકલ સામેલ છે) ફાયનલ ફાયર "ના વાંધા પ્રમાણપત્ર" રજુ કરવાનુ રહેશે તથા ફાયર શેફટીની જાળવણી કરવા સહીતની તમામ જવાબદારી અરજદારશ્રી, જમીન માલીક, ડેવલોપરશ્રી તથા વપરાશકારોની રહેશે.

(૭) ઓકયુપન્સી સર્ટીફીકેટ લેતા પહેલા અરજદારશ્રીએ બિલ્ડીંગનો ઈન્શ્યોરન્સ રજુ કરવાનો રહેશે.

(૮) સવાલવાળી જમીનના પ્રાથમિક વિકાસ માટે લાઈટ, પાણી, ગટર, એપ્રોચ વિગેરેની કાયમી સુવિધા સત્તામંડળ અથવા અન્ય સંસ્થા ધ્વારા પુરી પાડવામાં ન આવે ત્યાંસુધી આ સુવિધાઓ પુરી પાડવાની અને તેની જાળવણી કરવાની સંપુર્ણ જવાબદારી અરજદારની રહેશે.

(૯) પ્લીન્થ ચેક સર્ટીફીકેટ મેળવતા પહેલા વાણીજય હેતુ અંગેનો રીવાઈઝડ એન.એ. ઓર્ડર રજુ કરવાનો રહેશે.

TRUE COPY
For PARIKH & ASSOCIATES
VUDA LIC. NO. EOR-113/18-23

નોંધ પર મળેલ મુખ્ય કારોબારી અધિકારીશ્રીની મંજુરી અનુસાર.
મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૪/પરવાનગી/ ૨૨ /૨૦૧
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા. ૨૦ / ૦૭ /૨૦૧૮

**નકલ રવાના પ્રતિ :**

- કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ તથા
- જીલ્લા નિરીક્ષકશ્રી, જમીન દફતર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.